


શહેરમાં બુધવારનો આખો દિવસ વાદળછાયો રહ્યો. બફારો પણ અસહ્ય રહ્યો. રાજકીય ગલીયારોમાં પણ ચર્ચાઓ ગરમાગરમ રહી. જગન્નાથ મંદિરના મહંતના નિવેદનને પગલે રાજકીય વર્તુળોમાં પણ ભારે ઉત્તેજના રહી. તર્ક-વિતર્કો-વાદવિવાદ સચિવાલયથી લઈ મંત્રી નિવાસ સુધી ચાલતા રહ્યા. જો કે સાંજે રાજ્ય ગૃહમંત્રીની પત્રકાર પરિષદમાં સરકારની ભૂમિકા અને કામગીરી સ્પષ્ટ કરતા થોડીક હળવાશ દેખાતી હતી પરંતુ હજુ આ વિવાદ ઘેરો બનાવવામાં રસ ધરાવતા તત્વો સક્રિય છે અને રહેશે.

**પ્રદિપસિંહ મેન ઓફ ધ મેચ**

રથયાત્રાના અતથી ઈતી સુધી સરકારની સમગ્ર કામગીરીમાં પ્રદિપસિંહ જાડેજાની ભૂમિકા ચાવીરૂપ રહી. હાઈકોર્ટ, જગન્નાથ મંદિર અને મીડિયા આ ત્રણેય પક્ષોએ સંકલિત રહી કોઈ અનર્થ ન સર્જાય તેની વ્યક્તિગત કાળજી રાખી સમગ્ર પ્રસંગને હેમખેમ પાર ઉતાર્યો. ખાસ કરીને ૨૨મી અને ૨૩મી જૂનના રોજ મંદિરમાં સતત હાજર રહી સંતો-મહંતો અને ભક્તોની લાગણી અને માંગણી વચ્ચે હાઈકોર્ટના આદેશનું પાલન કરાવવાની અઘરી જવાબદારી સહજતાપૂર્વક પાર પાડનાર ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા મેન ઓફ ધ મેચ ગણી શકાય.

**કોરોનાના આંકડામાં હજુ સંકલનનો અભાવ**

વૈશ્વિક મહામારી કોરોના સંદર્ભે રાજ્ય સરકારની સાથોસાથ જિલ્લા આરોગ્યતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા પણ રોજેરોજ વિગતો જાહેર થાય છે જે સારી બાબત છે પરંતુ બધાની વચ્ચે સંકલનનો અભાવ છે એ સ્પષ્ટ દેખાઈ આવે છે. જિલ્લાના અને મહાનગરપાલિકાના આંકડાઓ અને રાજ્યના આરોગ્ય વિભાગના આંકડાઓ વચ્ચે ખૂબ મોટો તફાવત સતત દેખાય છે. જો મંગળવારની જ વાત કરીએ તો ગાંધીનગર જિલ્લા પંચાયતે ૧૮ કેસ અને મહાનગરપાલિકાએ ૩ કેસ એમ ગાંધીનગર જિલ્લામાં કુલ ૨૧ કેસની વિગતો આપી હતી. જ્યારે રાજ્ય સરકારની યાદીમાં ગાંધીનગર જિલ્લામાં ૮ જ કેસ દર્શાવાયા હતા. સામાન્ય નાગરિક મુંઝવણ અનુભવે છે કે કઈ વિગતો સાચી માનવી.

**કોરોના સંક્રમણ વધ્યુ પણ સરકારી કચેરીઓમાં સતર્કતા ઘટી**

સચિવાલય સહિતની સરકારી કચેરીઓના અનલોક-૧ના પ્રારંભે અસરકારક સતર્કતા અને સજ્જતા જોવા મળતી હતી. દરેક કચેરીના પ્રવેશ દ્વારે સેનેટાઈઝર અને ટેમ્પરેચર ગનની વ્યવસ્થા હતી. સાથે જ સોશીયલ ડિસ્ટન્સીંગનું કડક રીતે અનુપાલન થતુ હતુ. એકાદ સપ્તાહ સુધી બધુ અસરકારક રીતે ચાલ્યુ પણ ખરૂ. હવે જ્યારે સંક્રમણ વધી રહ્યું છે, ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં રોજરોજ કેસ વધી રહ્યા છે ત્યારે સતર્કતા ઢીલી પડી ગઈ છે. કેટલીય કચેરીઓમાંથી સેનેટાઈઝર ગાયબ છે. ટેમ્પરેચર ગનનો ઉપયોગ પડતો મુકાયો છે અને સોશીયલ ડિસ્ટન્સીંગની વાત તો ક્યાંય વિસરાઈ ગઈ છે. જ્યારે કોરોનાનુ સંક્રમણ વધતુ ગયુ છે ત્યારે આચારસંહિતાનુ અનુપાલન ઘટતુ ગયુ છે. આ ચર્ચા નહી ચિંતાનો વિષય છે.

● **અને છેલ્લે...**

મુખ્યમંત્રી નિવાસસ્થાને મોડી સાંજે છેલ્લા ત્રણ મહિનાથી યોજાતી કોર કમિટીની નિયમિત બેઠક બુધવારે સાંજે યોજાઈ હતી. જેમાં રથયાત્રા અને રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિની સમીક્ષા કરાઈ હતી અને અનલોક-૨ અંગે પણ ચર્ચા થયાનુ મનાય છે.



બફારો તેની ચરમસીમાએ પહોંચ્યો છે. ગુજરાતમાં ઠેર ઠેર વરસાદ પડી રહ્યો છે તેવા સમાચાર આવી રહ્યા છે. એટલે શહેરમાં વરસાદની તાલાવેલી વધી છે. આકાશમાં ઘેરાયેલા વાદળો વરસતા નથી તેમ વધુ ને વધુ ઈન્તજારી વધતી જાય છે. હજુ આપણે વરસાદની કેટલા દિવસ રાહ જોવાની તે પ્રશ્ન સૌ કોઈને સતાવી રહ્યો છે અને મુંઝવી રહ્યો છે. હવે તો વરસો મેઘરાજા...

# શહેરમાં નવા ૩ કેસ

**સે. ૭-ડી, સે. ૨૭ અને સે. ૨૯ માં કેસો નોંધાયા : શહેરમાં કેસોની સંખ્યા ૧૯૨ થઈ : ૭ દર્દીના સારવાર દરમ્યાન મોત**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૧૯૨ પર પહોંચી છે.

આજે સે. ૨૭, સે. ૭-ડી અને સે. ૨૯ માંથી આ કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૭ માંથી એક ૩૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બ્રધર તરીકેની સેવાઓ આપી રહ્યો હતો.

સે. ૭-ડી માં રહેતા અને અમદાવાદ મેટ્રો મોલમાં આસિ. મેનેજર તરીકે નોકરી કરતા એક ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દી અમદાવાદ ખાતે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરાયા છે.

સે. ૨૯ માંથી એક વેપારી જે ૫૭ વર્ષની આયુ ધરાવે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ વેપારીના પરિવારમાં ૬ સભ્યો છે જેમને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૯ કેસ

**ગાંધીનગરમાં ૧૧, કલોલમાં ૬, માણસામાં ૧, દહેગામમાં ૧ કેસ : વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત : જિલ્લાના ગ્રામ્ય વિસ્તારનો મૃત્યુઆંક ૩૩ થયો**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના કુલ ૧૯ કેસ નોંધાયા છે. આટલી મોટી સંખ્યામાં કોરોનાના કેસ સામે આવતાં તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. આજે વધુ બે દર્દીના સારવાર દરમ્યાન મોત નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાના કેસોની સંખ્યા ૪૦૦ ને પાર કરી ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે. આજે જે બે દર્દીના મોત થયા છે તેમાં એક ગાંધીનગર તાલુકામાં અને એક કલોલ તાલુકામાં નોંધાયુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં એક ૨૯ વર્ષીય યુવતીનું સારવાર દરમ્યાન અમદાવાદ ખાતે મોત નીપજ્યુ છે. આ યુવતી કોરોના ઉપરાંત કીડની અને બી.પી.ની પણ તકલીફ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત કલોલ તાલુકાના એક ૭૪ વર્ષીય વૃદ્ધનું પણ ગઈકાલે મોડી રાત્રે અવસાન થયુ હતુ. આ વૃદ્ધ પણ કોરોના ઉપરાંત બી.પી. અને ડાયાબીટીસથી પિડાતા હતા.

જિલ્લામાં આ બે મૃત્યુ સાથે મૃત્યુ આંક વધીને ૩૩ થયો છે. જિલ્લામાં નોંધાયેલા કેસો પૈકી સારવાર દરમ્યાન ગાંધીનગરના ૧૦, કલોલના ૧૬, દહેગામના ૬ અને માણસાના ૧ દર્દીનું અવસાન થયું છે.

જિલ્લામાં આજે જે કેસો કોરોનાના નોંધાયા છે તેમાં ગાંધીનગર(ગ્રામ્ય)ના ૧૧, કલોલના ૬, દહેગામમાં ૧ અને માણસામાં ૧ કેસનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે માણસાના હિંમતપુરા ગામના એક ૬૧ વર્ષીય પુરૂષને બાયપાસ સર્જરી કરાવવાની હતી પરંતુ ઓપરેશન પહેલાં તેમનો ટેસ્ટ કરવામાં આવતાં કોરોના પોઝીટીવ આવેલ છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

દહેગામના અર્બન વિસ્તારમાંથી પણ એક ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જેને પણ સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલમાં કોરોનાના કેસો સતત મળી રહ્યા છે. આજે કલોલ ગ્રામ્ય અને અર્બન વિસ્તારમાંથી કેસો મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ તાલુકાના નાંદોલી, જામળા, ડીંગુચા ઉપરાંત કલોલ અર્બન-૨ માંથી ૩ કેસ મળી આવ્યા છે.

કલોલમાંથી મળેલા ૬ કેસમાં ૩ મહિલા અને ૩ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. આ દર્દીઓમાં બે દર્દી ખાનગી હોસ્પિટલમાં તો ૪ દર્દીઓને ગાંધીનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે ૧૧ કેસ મળ્યા છે. જેમાં રાયસણમાંથી ૨, કુડાસણમાંથી ૧, ઝુંડાલમાંથી ૩ તો જમીયતપુરા, ખોરજ, અડાલજ, રાંદેસણ અને નાના ચિલોડામાંથી ૧-૧ કેસ મળી આવ્યા છે.

ખોરજમાંથી એક યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે જે સારવાર માટે અમદાવાદ સોલા સિવિલમાં સારવાર હેઠળ છે.

ઝુંડાલમાંથી આજે ૩ કેસ મળી આવેલ છે. આ ત્રણેય મહિલા દર્દી છે. આ ઉપરાંત કુડાસણમાંથી ૧, નાના-ચિલોડામાંથી ૧, અડાલજમાંથી ૧, રાંદેસણમાંથી ૧ કેસ મળી આવેલ છે.

રાંદેસણમાંથી જે કેસ મળેલ છે તે અમદાવાદ સિવિલમાં તબીબ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૪,૪૮૯ લોકો હાલ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૪૩૯ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ટેસ્ટની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૩ દર્દી રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે જેમાં ૧૦ પુરૂષ અને ૩ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

# શહેરમાં સંક્રમણ વધ્યુ, સતર્કતા ઘટી

**શહેર - જિલ્લામાં વધતા જતા કોરોનાના સંક્રમણ સામે સતર્કતા વધારવા શહેરના તબીબોની અપીલ : બદલાતા સંજોગોમાં કેવા અને કેટલા કેસ આવે છે એની વિગતવાર ચર્ચા કરતા તબીબો**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર શહેરમાં કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. જયારે બે મહીના અગાઉ જે સ્થિતિ હતી અને આજની પરિસ્થિતિમાં આસમાન જમીન જેટલો તફાવત છે. અલબત્ત અનલોક વન ના અંતે કોરોનાના કેસ વધ્યા છે. જયારે કોરોનાકાળના ત્રણ મહીનાથી વધુ સમયના અંતે નાગરિકો પણ જાગૃત થયા છે. નાગરિકો સાવચેતી દાખવી રહ્યા છે. પરંતુ હજુ કોઈક ઠેકાણે માસ્ક વિનાના ચહેરા, ભીડ, અને સોશિયલ ડીસ્ટન્સીંગનો અભાવ જોવા મળે છે. ત્યારે નગરના ડોકટરો પણ નાગરિકો જાગૃત હોવાની વાતને સમર્થન આપે છે. ત્યારે ભય રાખ્યા વિના કોરોનાને હાર આપવા માટે જરૂરી નિયમોનુ કડક પાલન કરવા માટે પણ નાગરિકોને અપીલ કરી રહ્યા છે. હાલ નાગરિકોમાં કોરોનાનો ભય છે પરંતુ બે મહીના પુર્વે હતો તેવો નથી કોરોનાના દર્દીઓને જરૂર પડે તો સ્ટેરોઈડની દવા પણ આપવામાં આવી રહી છે.

જયારે સંક્રમણની દ્રષ્ટીએ સંવેદનશીલ વિસ્તારમાં કેસની સંખ્યા પણ ઘટી રહી છે. ત્યારે કોરાનાનુ સંક્રમણ દર્દીમાં ગંભીર સ્વરૂપ ન પકડે તે માટે પણ વિશેષ ધ્યાન રાખવાની અનિવાર્યતા છે. હાલ નગરની લેબમાં પ્રિઓપરેટીવ ટેસ્ટ બાદ હવે ડાયગ્નાસ્ટીક ટેસ્ટ કરાવતા દર્દીઓની સંખ્યા પણ વધી છે. જો કે મોટાભાગના ટેસ્ટ નેગેટીવ આવતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

**કોરોનાના કેસની સંખ્યા ઘટી, સ્ટેરોઇડની દવા પણ ચાલુ કરાઇ**

કોરાનાના સંક્રમણનો ભય હજુ છે. નાગરિકોમાં જાગૃતિ આવી છે. પરંતુ હજુ પુરતી અવેરનેસ નથી. અગાઉ ૯૦ કેસ ધ્યાને આવતા હતા જેની સામે હવે ૭૦ કેસ આવે છે. કેસનુ પ્રમાણ ઘટયુ છે. પરંતુ અમદાવાદમાં નાગરિકો માસ્ક પહેરતા નથી. જયારે સિવિલ હોસ્પિટલ સામેના મંદિરમાં ભેગા થઈને ભજન પણ થાય છે. સોશિયલ ડીસ્ટન્સીંગનુ



પાલન પણ કડક રીતે થતુ નથી. ગાંધીનગર બહાર પણ માસ્ક પહેરવાનુ નાગરિકો ટાળી રહ્યા છે. અમદાવાદમાં કોરાનાના દર્દીઆને જરૂર જણાય તો સ્ટીરોઈડના ઈન્જેકશન પણ આપવામાં આવે છે. દર્દીઓના ઈલાજનો ક્રાઈટેરિયા ચોક્કસ નક્કી થઈ ગયો છે. ગ્લેનમાર્કની દવા હજુ સરકારી રાહે ઉપલબ્ધ નથી પરંતુ ખાનગી ડોકટરોએ લખવાનુ શરૂ કરી દીધુ છે. આર્યુવેદિક દવાઓ પણ છે. આવા સંજોગોમાં કોરોનાના દર્દીઓએ નજીકના દવાખાનાના સંપર્કમાં રહેવુ જોઈએ. કોરોનાનુ સંક્રમણ વધુ ગંભીર સ્વરૂપ ન પકડે તે પણ ધ્યાન રાખવુ અનિવાર્ય છે. દર્દીના હૃદય કે ફેફસામાં કલોટીંગ ન થાય તેની પણ વિશેષ કાળજી થવી જોઈએ. એકસ-રે સહીતના રીપોર્ટ પણ જરૂર મુજબ થતા રહેવા જોઈએ. ઘણીવાર વધુ પડતો થાક કે તણાવ અનુભવી ચક્કર ખાઈને પડતા દર્દીઓ પણ કોરોનાના સંક્રમણનો ભોગ બન્યા હોવાનુ ધ્યાને આવે છે. કોરોના દર્દીમાં ઓક્સિજનની તકલીફ હોય તેવા દર્દીઓને ઉંધા સુવડાવાતા રાહત અનુભવે છે. જયારે હવે સ્ટેરોઈડની દવા પણ ચાલુ કરવામાં આવી છે. જનજાગૃતિની સાથે સરકારી ગાઈડલાઈનનુ પાલન કરવામાં આવશે તો ચોક્કસ કોરોના સામેની જીત નજીકમાં છે.

**- ડો દિનકર ગોસ્વામી (સિનિયર ફીઝીશ્યન)**

**કોરોનાને લઇને હજુ નગરજનો સોશિયલ સ્ટીગ્માથી પીડીત**



કોરનાના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. સંક્રમણ વધી રહ્યુ છે. આમછતા નાગરિકોમાં જોઈએ તેવી જાગૃતતા નથી. જાણતા હોવા છતા અજાણ થતા હોય તેવુ કરે છે. કોરોનાના મામલે નગરજનોએ વધુ હેલ્થ કોન્શિયસ થવુ પડશે. કોરોનાના સંક્રમણ સામે વધુ ટેસ્ટ પણ થવા જોઈએ. હાલ રોજના ૯ થી ૧૦ ટેસ્ટ લેબમાં થાય છે. જો કે આ પૈકી અત્યાર સુધી પ્રિઓપરેટીવ ટેસ્ટનુ પ્રમાણ વધુ હતુ જયારે હવે ડાયગ્નોસ્ટીક ટેસ્ટ પણ વધુ થાય છે. જો કે આ ટેસ્ટીંગના અંતે નેગેટીવ રીપોર્ટ વધુ આવે છે. હાલ કોરોના સિવાય શરદી, તાવ અને ઉધરસના દર્દીઓ પણ ધ્યાને આવી રહ્યા છે.

જયારે કોરોનાના મામલે નાગરિકો હવે પડયા એવા દેવાશેની નીતિ અપનાવી રહ્યા છે. આખરે પૈસા કમાવવા તો દોડવુ જ પડશે. મીડીયામાં સતત સમાચારોના માધ્યમથી જનજાગૃતિના પ્રયાસ કરવામાં આવે છે. ત્યારે આમ નાગરિકોમાં હજુ જાગૃતિ અનિવાર્ય છે. આગામી દિવસોમાં મેલેરિયા, ડેન્ગયુ અને ચિકનગુનિયા સહીતના કેસ પણ જોવા મળશે. પરંતુ કોરોનાના મામલે નાગરિકોમાં હજુ સોશિયલ ડિસ્ટન્સની ભાવના પ્રબળ છે. કોરોના માટે આઈ એલ જી ટેસ્ટ પણ મહત્વનો હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. ત્યારે લેબોરેટરીને અનુલક્ષીને નહી પરંતુ પરિવારજનો અને પાડોશીની સલામતી માટે વધુ ટેસ્ટ થવા જોઈએ

**મહેન્દ્ર ગજ્જર (સિનિયર પેથાલોજીસ્ટ)**

**નાગરિકો જાગૃત બે મહીના પુર્વે હતો તેવો ભય પણ નથી :**

કોરોનાની મહામારીના કપરા કાળમાં ત્રણ મહીનાના અંતે નાગરિકો જાગૃત થયા છે. જનજાગૃતિ અભિયાનના અંતે આ રોગચાળાને ફેલાતો અટકાવવા તેમજ તેના પ્રતિકાર કરવા માટે શુ કરવાનુ તેનો નાગરિકોને હવે ખ્યાલ આવી ગયો છે. દવાખાનામાં પણ દર્દીઓ માસ્ક પહેરીને જ આવે છે. સોશિયલ ડીસ્ટન્સીંગ પણ જાળવે છે. આ ઉપરાંત હાથ સેનેટાઈઝ કરવા સહીતના મુદ્દે નાગરિકોમાં જાગૃતતા વધી છે. વરસાદી ઋતુના પ્રારંભે ગળાના દુખાવા તાવ અને શરદીની તકલીફ ધરાવતા દર્દીઓ વધુ હોય છે.



દરવર્ષે આ સમયગાળા દરમિયાન દર્દીઓની આ કોમન ફરિયાદ હોય છે. હાલ કોરોના સંક્રમણને અનુલક્ષી દવાખાને આવતા દર્દીઓ પણ જાગૃત હોય છે. પરંતુ એક ડોકટર તરીકે અમે પણ વિશેષ તકેદારી રાખીએ છીએ. દર્દી અને ડોકટર વચ્ચે પણ એક મીટરનુ અંતર રાખવામાં આવે છે. જયારે જરૂર જણાંય તો ઉભા થઈને દર્દીની તપાસ કરવામાં આવે છે. માસ્ક, ફેસશીલ્ડ તેમજ ગ્લોવઝ પહેરીને દર્દીની તપાસ કરવામાં આવે છે. દર્દીઓને ૧૫ મિનિટના અંતરે જ એપોઈન્ટમેનટ આપવામાં આવે છે. કોરોના સંક્રમણને અટકાવવા માટે ટોળામાં જવાનુ ટાળવાની સાથે સોશિયલ ડીસ્ટન્સીંગ અને માસ્ક પહેરવાની વાતનો પણ હજુ કડક અમલ કરવાની અનિવાર્યતા છે. નાગરિકોમાં કોરોનાનો ભય છે પરંતુ બે મહીના પુર્વે હતો એવો નહીં. કોરાનાનુ સંક્રમણ વધ્યુ હતુ શરૂઆતનો દોઢ મહીનો સારો હતો હાલ વધુ જાગૃતતા દાખવવાની અનિવાર્યતા છે.

**ડો. વિપુલ ઠક્કર (જનરલ પ્રેક્ટીશનર)**

# આગામી ઓક્ટોબરથી સી-પ્લેનનાં બે રૂટ જાહેર

**સાબરમતીથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી અને સાબરમતીથી પાલીતાણા સુધીના બે રૂટ : હવે ગુજરાતીઓનું સપનું સાકાર થશે**

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતમાં હવે ગુજરાતીઓનું સી પ્લેનમાં બેસવાનું સપનું સાકાર થઈ શકશે. આગામી ઓક્ટોબર મહીનામાં રાજ્યમાં સામાન્ય માણસ પણ સી પ્લેનમાં મુસાફરી કરી શકશે. સી પ્લેનને લઈને ૧૬ રૂટમાં અમદાવાદમાં સાબરમતીથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી અને સાબરમતીથી પાલીતાણા સુધીની સી પ્લેન ચલાવવાની યોજના શરૂ કરવામાં આવશે. કેન્દ્રીય શિપિંગ મંત્રી મનસુખ માંડવીયાએ 'ચા ચર્ચા' બેઠક દરમિયાન આ અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, "સી પ્લેનનો ટુરિઝમ માટે દુનિયામાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. તેવી જ રીતે ભારતમાં પણ સી પ્લેનનો ઉપયોગ વ્યાપક રીતે થાય તે હેતુસર પીએમ મોદીનાં નિર્દેશ મુજબ દેશમાં ઉડાન યોજના અંતર્ગત ૧૬ રૂટ પર સી પ્લેન યોજના શરૂ કરવામાં આવશે. જેમાંથી ગુજરાતમાં ૨ રૂટ પર સી પ્લેન યોજના શરૂ થશે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "સાબરમતી પરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી અને સાબરમતીથી પાલીતાણા શેત્રુંજય ડેમ સુધી સી પ્લેન યોજના શરૂ કરવામાં આવશે. ઓક્ટોબર સુધી ગુજરાતમાં પ્રવાસીઓ માટે સાબરમતીથી સી પ્લેન યોજના શરૂ કરવામાં આવશે. સાબરમતી અને સરદાર સરોવર-નર્મદા રોડ પર સી-પ્લેન યોજના ચાલુ કરવાથી પર્યટન વધારવામાં પણ મદદ કરશે.

અત્રે નોંધનીય છે કે, સમુદ્ર વિમાનને સી પ્લેન કહેવામાં આવે છે કે જે પાણીની સપાટી પર ઉતરાણ કરવામાં સક્ષમ હોય છે. કેટલાંક સમુદ્રી વિમાનો પણ આ રીતે ઉડાન ભરી શકે છે અને જમીન અને પાણી એમ બંનેની સપાટી પર ઉતરાણ કરી શકે છે.

સાબરમતીથી સ્ટેચ્યુ ઓફ યુનિટી ૨૦૦ કિમીની યોજના તો સાબરમતીથી પાલીતાણા સુધીની ૨૫૦ કિમીની યોજના રહેશે. હાઈડ્રોગ્રાફિકલ સર્વેનું કામ પૂર્ણ થયું છે. આવનારા ૧૦ થી ૧૫ દિવસમાં જેટ્ટી બાંધવાનું કામ શરૂ કરવામાં આવશે. એવિએશન મંત્રાલય સાથે મળીને ત્રણેય જગ્યાએ હંગામી ટર્મિનલ પણ ઊભું કરવામાં આવશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com